મહા વાવાઝોડાના પ્રભાવની શક્યતાને પગલે વાવાઝોડા પૂર્વે

વાવાઝોડા દરમિયાન અને વાવાઝોડા બાદ કેટલાક પગલાઓ ભરવા જરૂરી બને છે

વડોદરા તા.૫

રાજયના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છમાં આગામી તા. ૬ અને તા.૭ નવેમ્બર-૨૦૧૯ દરમિયાન મધ્યરાત્રિ કે મોડી સવારના સમયે મહા વાવાઝોડા આવશે તેવા હવામાન ખાતાના અહેવાલ અને આગાહી છે. મહા વાવાઝોડાના પ્રભાવની શક્યતાને અનુલક્ષીને જિલ્લા કલેક્ટર શ્રીમતી શાલિની અગ્રવાલના માર્ગદર્શન હેઠળ વડોદરા જિલ્લા વહીવટીતંત્ર સતર્ક અને વધુ અસરકારક બન્યું છે. રાજયમાં સંભવિત આપત્તિ વખતે વડોદરા જિલ્લાના નાગરિકોને સહકાર આપવા જિલ્લા પ્રશાસને અનુરોધ કર્યો છે.

સંભવિત મહા વાવાઝોડા સામે પૂર્વ તૈયારી અને સુરક્ષાના પગલે રાજય સરકાર દ્વારા સૂચનાઓ જારી કરવામાં આવી છે તે મુજબ નાગરિકોએ ગભરાયા વિના શાંત રહીને સહકાર આપવો જરૂરી છે. વાવાઝોડા પૂર્વે, વાવાઝોડા દરમિયાન અને વાવાઝોડા બાદ શું-શું પગલાઓ ભરીને સમજદાર નાગરિક તરીકેની ફરજ અદા કરી શકીએ.

વાવાઝોડા સામે પૂર્વ તૈયારના ભાગરૂપે રેડિયો, ટીવી અને સમાચારો તથા જાહેર ખબરોના સંપર્કમાં રહેવું, ઘરના બારી-બારણા તથા છાપરાઓને મજબૂત કરવા, તાત્કાલિક જરૂરિયાત હોય તે ખોરાક, ફાનસ, ટોર્ચ, પાણી અને કપડા સહિતની વસ્તુઓ તૈયાર રાખવી, જરૂરી અને કિંમતી સામાન પ્લાસ્ટિકમાં પેક કરી માળિયે ખસેડી દેવો, વાહનોને ચાલી શકે તેવી સ્થિતિમાં રાખવા, જોખમી જણાય ત્યારે વાવાઝોડાની આગાહી થાય કે તુરંત સલામત સ્થળે ખસેડી લેવા, અફવાઓથી દૂર રહેવું અફવાઓ ફેલાવવી નહિ, ગભરાયા વિના શાંત રહેવું, સ્થાનિક સ્તરે અધિકારીઓના સંપર્કમાં રહેવું, પાલતુ પ્રાણીઓને છૂટાં કરી સલામત સ્થળે ખસેડવા, માછીમારોએ દરિયામાં જવું નહિ અને હોડીઓને સલામત સ્થળે ખસેડવી જરૂરી છે.

વાવાઝોડા દરમિયાન પાણીના સ્ત્રોતથી દૂર ચાલ્યા જવું, ઝાડ-થાંભલાઓ પાસે ઉભા ન રહેવું, ઘરની બહાર ન નીકળવું, વીજ પ્રવાહ તથા ગેસ કનેકશન બંધ કરી દેવા, ઘરના તમામ બારી-બારણાઓ બંધ રાખવા, ટેલિફોન દ્વારા શકય હોય તો કંટ્રોલરૂમમાંથી સાચી માહિતી મેળવવી અને અફવાઓથી દૂર રહેવું.

વાવાઝોડા બાદ સત્તાવાર સૂચનાઓ મળ્યા બાદ જ બહાર નીકળવું હિતાવહ છે. અજાણ્યા પાણીમાંથી પસાર થવું નહી, ઇજા પામેલાઓને પ્રાથમિક સારવાર પૂરી પડવા દવાખાને ખસેડવા, કાટમાળની સ્થિતિ સર્જાય તો કાટમાળમાંથી ફસાયેલાઓને તુરંત બચાવી લેવા બનતા પ્રયત્નો કરવા, ખુલ્લા-છૂટાં પડેલા વાયરોને અડકવું જોખમી છે.

ભયજનક કે અતિ નુકશાન પામેલ મકાનોને ઉતારી દેવા જોઇએ. ક્લોરીનયુક્ત પાણી પીવું જોઇએ. ભરાય ગયું હોય તેવા ગંદા પાણીમાં દવાનો છંટકાવ કરી દેવાથી રોગચાળાનો ભય ઓછો રહે છે.

શહેરમાં શ્રી રંગ અવધુત મહારાજની જન્મજયંતિએ ગુરૂમંદિરોમાં ઉજવણી

વડોદરા, તા.૫

ગુરૂ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂ દેવો મહેશ્વર, ગુરૂ શાક્ષાત પરમ બ્રહ્મા, તસમેય ની ગુરૂ દેવ નમ: આજે પરસ્પર દેવો ભવનું વિશ્વભરમાં સાર્થક કરનાર અલગારી અને મહાન સંત પુ.શ્રી રંગ અવધુત મહારાજની ૧૨૧મી જન્મ જયંતિ છે.

આ શુભ અને પાવન પર્વ પર સંત શ્રી રંગઅવધુતજીની તપોભૂમિ નારેશ્વર તેમજ શહેરના કિર્તિમંદિર, સુરસાગર, તેમજભૂતડીઝાંપા ખાતે આવેલ ઐતિહાસિક તેમજ શ્રધ્ધાની સુહાસ ફેલાવતા મંદિરોમાં ભકતો દ્વારા આસ્થા-ઉમંગ તેમજ શ્રધ્ધાભેર વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજી ઉજવણી કરવામાં આવી હતી.

જિલ્લાના સુપ્રસિધ્ધ તિર્થક્ષેત્ર નારેશ્વરની તપોભૂમિ ખાતે આજે ૧૨૧ દિવડાની મહાઆરતી કરવામાં આવી હતી. જેમાં દેશભરમાંથી હજારો ભકતો ઉમટી પડયા હતા. ખાસ કરીને વડોદરાની રંગવાટીકા ખાતે યોજાનાર કાર્યક્રમમાં આચાર્ય અશોકભાઈ શાસ્ત્રીજી સાંજે ૫.૦૦થી ૭.૦૦ કલાક દરમિયાન પાદુકા પુજન પછી જન્મ વધામણા કથામૃતનું રસપાન કરાવશે. રંગ અવધુત મહારાજે નારેશ્વરને તપોભૂમિ તરીકે પસંદ કરી હતી. રંગ અવધુત મહારાજનો જન્મ ગોધરા ખાતે તા.૨૧-૧૧-૧૮૯૮ રોજ થયો હતો. જયારે દેહવિલય હરિદ્વારમાં તા.૧૯-૧૧-૧૯૬૮ના રોજ થયો હતો. અત્યેષ્ટી નારેશ્વરની પવિત્રભુમિ પર તા.૨૧-૧૧-૧૯૬૮ના રોજ સંપન્ન થઈ હતી.

મહા વાવાઝોડાના સંકટને કારણે નર્મદા પરિક્રમા અટકી : અનેક મુસાફરો પરત ફર્યા

નર્મદા,તા.૫

'મહા' વાવાઝોડાનાં સંકટને કારણે નર્મદા પરિક્રમા અટકાવી દેવામાં આવી છે. હાંસોટનાં વહીવટી તંત્ર દ્વારા વમલેશ્વર હોડી ઘાટ બંધ કરવામાં આવ્યો છે. ૪ બસમાં ૨૦૦થી વધુ પરિક્રમાવાસીઓ અધૂરી પરિક્રમા કરી પરત ફર્યા છે. ૫૦થી વધુ પગપાળા પરિક્રમાવાસીને વમલેશ્વર આશ્રમ તેમજ કતપોર ગામે રોકાણ કરવાની ફરજ પડી છે. આ ઉપરાંત આલીયાબેટ અને હાંસોટનાં નાવિકોને નદી અને દરિયો ન ખેડવા માટેની સૂચના આપવામાં આવી છે.નર્મદા નદીની ૩૬૦૦ કિમીની પરિક્રમા બે ભાગમાં શરૂ થાય છે. જેમાં પહેલા હાંસોટ પાસેનાં વમલેશ્વર કતપોર ગામમાં પૂર્ણ કરીને હોડીમાં નર્મદા સંગમ સ્થાનમાં દરિયામાંથી પસાર થઈને દહેજ પાસે પહોંચે છે. આ પરિક્રમા દરેશા બાદ શરૂ થાય છે અને દિવાળી પછી પરિક્રમાવાસીઓ વધુ પ્રમાણમાં આવે છે. ત્યારે મહા વાવાઝોડાનાં સંકટને કારણે વમલેશ્વર હોડી ઘાટ બંધ કરવામાં આવ્યો છે. જેના કારણે ૨૦૦થી વધુ મુસાફરોને પરત ફરવાની ફરજ પડી હતી.નોંધનીય છે કે, પુરાણોમાં આવતી વાત પ્રમાણે, નર્મદા ભગવાન શિવની પુત્રી છે. તે કુંવારી છે એટલે કે સાગરમાં મળતી નથી અને આખા ભારતમાં આ એક એવી નદી છે, જેની પરિક્રમા શક્ય છે. આ પરિક્રમા કરી અનેક લોકો મનની શાંતિ પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ પુરાણોમાં છે.

ખાસ કરીને પંચકોશી નર્મદા પરિક્રમા ૨૧ દિવસમાં પૂરી કરી શકાય છે અને આ પરિક્રમા ચૈત્ર માસમાં જ કરવામાં આવે છે. હાલ ભારતભરમાંથી મા નર્મદાના ભક્તો દ્વારા ૨૧ દિવસ માટે પરિક્રમાનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં હજારો ભાવિકો જોડાય છે. આ પરિક્રમા રોજ ૧૨ કિલોમીટર પગપાળા ચાલવામાં આવે છે.

મરણ પ્રસંગ દરમ્યાન ઘર આંગણે પાર્ક કરેલી બાઈકની ચોરી

વડોદરા, તા.૫

પાદરા તાલુકાના વિશ્રામપુરા ગામે ઘર આંગણે સ્ટેરીંગ લોક માર્યા વગર પાક કરેલ ગાડીની ચોરી થતા વડુ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

બનાવની પ્રાપ્ત વિગત મુજબ વિશ્રામપુરા ગામે વિનોદચંદ્ર ચંદુભાઈ પરમાર પોતાના ઘર આંગણે બાઈક પાર્ક કરી હતી. દરમિયાન સ્ટેયરીંગ લોક તેમજ ચાવી બાઈકમાંજ ભુલથી રહી ગઈ હતી. અને તેઓ દાદીના મરણ પ્રસંગે જવા નીકળ્યા હતા. અને ત્યા રોકાયા હતા. આ દરમિયાન તેઓએ ઘર આંગણે પાર્ક કરેલી બાઈક તેની કિંમત રૂા.૨૫૦૦૦ની ચોરી થઈ હતી. આ બનાવ મામલે તેઓએ વડુ પોલીસ મથકે બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

મહા વાવાઝોડા અંગે આરોગ્ય વિભાગનો પરિપત્ર જારી

વડોદરા, તા.૫

ગુજરાત પર મહા વાવાઝોડુ ત્રાટકવાની શકયતાને ધ્યાનમાં રાખી રાજયના આરોગ્ય તબીબી કમિશ્નર દ્વારા ખાસ પરિપત્ર જારી કરવામાં આવ્યો છે. જેમાં જીલ્લા અને તાલુકા કક્ષાએ ૨૪ કલાકનો કંટ્રોલ રૂમ શરૂ કરવા જણાવાયું હતું. તદુપરાંત તમામ અધિકારીઓ કર્મચારીઓને હેડકવાર્ટર નહી છોડવાની તાકીદ કરવામાં આવી છે. રાજયના આરોગ્ય વિભાગ તથા અન્ય જીલ્લાઓ અથવા તાલુકા કક્ષાએથી મળતી માહિતી અને વિગતો પ્રમાણેની તૈયારી કરવા પણ જણાવાયું છે.વાવાઝોડા દરમિયાન હાથ ધરવાની કામગીરી અને નૂકસાન થયા પછી અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી અંગે પણ જરૂરી સુચનાઓ આપવામાં આવી છે. તમામ હોસ્પિટલો આરોગ્ય કેન્દ્રો ખાતે જરૂરી દવાઓ તથા પુરતા સાધનો ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવાની તાકીદ કરવામાં આવી છે. એમ્બ્યુલન્સ સેવાને કોઈ અસર ન થાય તેવી રીતે તમામ તૈયારીઓને અંતિમઓપ આપવા જણાવાયું છે.

સોની સબ પર તેનાલી રામામાં શું રામા રાજકુમારી દેવયાનીને પરણશે?

સોની સબ પર વ્યાપક રીતે ખ્યાતિ પ્રાપ્ત ઐતિહાસિક ફિશકન શો તેનાલી રામાએ નવા નવા અને અણધાર્યા વળાંકો સાથે તેના દર્શકોને સ્ક્રીન સાથે જકડી રાખ્યા છે. રતિ પાંડોનો શોમાં રાજકુમારી દેવયાની તરીકે પ્રવેશ પછી શોમાં વધુ ડ્રામા, વધૂ બુધ્ધિ અને વધુ હાસ્ય આવ્યું છે. જેમાં દર્શકોને એવું જોવા મળશે કે ભાસ્કર (કૃષ્ણ ભારદ્વાજ) વિજયનગરના ભાવિને બચાવવા માટે તેની બુધ્ધિ કામે લગાવવા માટે રામાનો સ્વાંગ રચે છે. જામવંતની રાજકુમારી દેવયાની રામાને તેના દ્વારા રજુ કરાયેલું કોયડું ઉકેલવા પડકારાય છે. અને જો રામા નિષ્ફળ જાય તો જાનવંતનું શાસન વિજયનગર પર યુધ્ધ જાહેર કરશે. રામા વિજયનગરને બચાવવા માટે સંપૂર્ણ દરબારની સામે પડકાર ઝીલી લે છે. રામાની બુધ્ધિ અને ચતુરાઈથી પ્રભાવિત રાજકુમારી દેવયાની તેના પ્રેમમાં પડે છે અને પડકારના નિયમોમાં ચોંકાવનારો ઉમેરો કરે છે. જો રામા બધા કોયડાના સાચા ઉત્તરો આપશે તો હું તેની જોડે પરણી જઈશ. રામા ઘેરી મુંઝવણમાં છે, કારણ કે હવે તે પોતાનું શાસન અથવા પોતાને બચાવી શકે છે. રામા વિજયનગરને વિનાશના ખતરાથી બચાવવા માટે આ લગ્નના પ્રસ્તાવમાંથી બહાર આવવા શું કરશે? શું રામા અને દેવયાનીના લગ્ન ખરેખર થશે? રામાની ભૂમિકા ભજવતો કૃષ્ણ ભારદ્વારજ રહે છે. સામે બે માર્ગ છે અને તેમાંથી કોઈ તેને સ્વીકારવો નથી રાજકુમારી દેવયાનીએ રામાને અવઢવમાં મુકી દીધો છે. જેમાં રામા દેવયાનીને પરણી શકે અથવા યુધ્ધનો સામનો કરવો પડશે. આગામી એપિસોડમાં દર્શકોને રામાની શ્રેષ્ઠતમ ચતુરાઈનો ફરીથી પરચો થશે. અને રામા પોતાને અને વિજયનગરને રાજકુમારી દેવાનીના આ ઝળુંબતા આતકમાંથ બચાવી શકશે કે કેમ તે જોવું રહયું. શું રામાની નીકળશે જાન? જાણવા માટે જોતા રહો તેનાલી રામા,દર સોમવારથી શુક્રવાર, સાંજે ૭.૩૦ ફકત સોની સબ પર.

શ્રી નંદન કુરિયર ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડ-૨૦૧૯ સમ્માનિત

ગુજરાત સહિત દેશમાં ૭૫૦થી વધુ બ્રાન્ચો ધરાવતી નં.૧ અને ગ્રાહકોની વિશ્વાસ પાત્ર એવી એક માત્ર કુરિયર કંપની નંદન કુરિયરની યશકલગીમાં વધુ એક છોગુ ઉમેરાયું છે. તાજેતરમાં નંદન કુરિયર કંપનીને ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવી છે.

ભારતના જાણીતા અને મોટા મિડીયા ગ્રૂપ એવા એબીપી ન્યુઝ નેટવર્કની ગુજરાતી ન્યુઝ ચેનલ એબીપી અસ્મિતા દ્વારા યોજાયેલી ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડઝની સેકન્ડ એડીશનમાં નંદન કુરીયર કંપનીને ૨૦૧૯નો બ્રાન્ડ લીડરશીપ એવોર્ડ મળ્યો છે. અમદાવાદમાં યોજાયેલા ગુજરાત બ્રાન્ડ લીડરશીપ એવોર્ડઝ સમારોહમાં લીડરશીપ એવોર્ડને મેળવ્યા બાદ આ અંગે ની નંદન કુરિયર કંપનીના ડાયરેકટર રમેશ ભોગાયતાએ જણાવ્યું હતું કે, શ્રી નંદન કુરિયર સર્વિસ આજે ગ્રાહકોના વિશ્વાસથી એક આગવી બ્રાન્ડ બની ગઈ છે. અને બ્રાન્ડ લીડરશીપનો એવોર્ડ મેળવતા અમને ખુબજ ખુશીનો અનુભવ થયો છે.

આ એવોર્ડ પાછળ અમારા કર્મચારીઓ તેમજ અમારા માનવંતા ગ્રાહકોનો મોટો ફાળો છે. નંદન કુરિયર સર્વિસ દ્વારા કયારેય પણ બીજાથી અગાળ નીકળવાની કે વધુને વધુ બ્રાન્ચો ખોલી નેટવર્ક ઉભુ કરવાની સ્પર્ધા નતી કરી પરંતુ હંમેશા ગ્રાહકને જ કેન્દ્ર સ્થાને રાખી કુરિયર સર્વિસમાં કંઈક નવું આપવાનો પ્રયત્ન કર્યો છે. જેના લીધે જ આજે કુરિયર સર્વિસમાં શ્રી નંદન એક બ્રાન્ડ લીડર બની છે.

શ્રી નંદન કુરિયર કંપનીની સ્થાપના થયાના હજુ માત્ર છ જ વર્ષ થયા છે અને છ વર્ષના ટુંકા ગાળામાં ની નંદન કુરિયરે સારી એવી સફળતા મેળવવા સાથે અનેક સિધ્ધિઓ હાંસ કરી છે.

મહા સંકટ : જાફરાબાદનાં ૩, રાજુલાનાં ૩ ગામો પર સૌથી વધુ ખતરો ઓલપાડના ૩૦ ગામો એલર્ટ પર

અમદાવાદ,તા.૫

અરબી સમુદ્રમાં ઉદભવેલા મહા વાવાઝોડાની અસરનાં ભાગરૂપે રાજ્યમાં ભારે વરસાદની અને દરિયો તોફાની બનવાની શક્યતા હોય વહીવટીતંત્રને સતર્ક થયું છે. વાવાઝોડું 'મહા' ગુજરાત તરફ ફંટાઈ ગયું છે. હવામાન વિભાગની આગાહી મુજબ ૭મી નવેમ્બરે વાવાઝોડું સવારે સૌરાષ્ટ્રના દરિયા કાંઠે ટકરાશે. વાવાઝોડું ધીરે ધીરે નબળું પડી રહ્યું છે પરંતુ તેની અસર તો યથાવત રહેવાની સંભાવના છે. જેના કારણે દરિયાકાંઠાનાં નિચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોનું સ્થળાતંર કરવામાં આવશે તેવી યોજના છે.જાફરાબાદ તાલુકાનાં ૩ અને રાજુલા તાલુકાનાં ૩ ગામે પર સૌથી વધુ ખતરો મંડરાઈ રહ્યો છે. દરિયાઈ પટ્ટીથી એક કિ.મી. વિસ્તારમાં આવતા કુલ ૧૭ ગામોને એલર્ટ કરવામાં આવ્યાં છે. એનડીઆરએફની એક ટીમ ભાવનગરથી જાફરાબાદ જવા રવાના થઈ છે. માચ્છીમારોને દરિયો નહી ખેડવા તંત્રની તાકિદ છે. અમરેલી ખાતે ઈમરજન્સી કંટ્રોલ રૂમ પણ શરૂ કરાયો છે. આપાતકાલિન સમયે ૦૨૭૯૨ ૨૩૦૭૩૫ નંબર પર સંપર્ક કરી શકાશે. જિલ્લા કલેકટર આયુશ ઓક દ્વારા તમામ ગતિવિધિ પર ચાંપતી નજર રાખવામાં આવી રહી છે.દ્વારકાનાં રૂપેણી બંદર પર ૨૦૦૦ બોટ લંગારવામાં આવી છે. હજુ અનેક બોટ મધ્ય દરિયાથી પરત આવી રહી છે. ખેડૂત સાથે માછીમાર સમાજ માટે પણ ચિંતામાં છે. માછીમારોને ચાર મહિનાથી કોઇ રોજગારી ઉભી થઇ નથી. આ પહેલા પણ વાવાઝોડાનાં કારણે માછીમારી થઈ નથી. દરિયામાં હજુ કરંટ આવી રહ્યો છે. પવન દિશા પણ વાવાઝોડાના કારણે બદલાઈ રહી છે. આ પરિસ્થિતિમાં લોકોને તંત્ર સામે રોષ જોવા મળી રહ્યો છે. જેમાં તેઓ કહી રહ્યાં છે કે, સરકાર તરફથી કોઈ અધિકારી હજુ અમને જોવા પણ આવ્યું નથી.સુરત ' મહા ' વાવાઝોડા ની અસરને કારણે તંત્ર એલર્ટ થયું છે. ઓલપાડનાં ૩૦, ચોર્યાશીનાં ૬ અને મજૂરા તાલુકાનાં ૪ ગામો એલર્ટ પર રાખવામાં આવ્યાં છે. જો જરૂર જણાશે તો આશરે ૮૦૦૦ લોકોનું કરાશે સ્થળાંતર કરવામાં આવશે.

૩૦ ગામોના એક એક પાકા ઘરને લોકેટ કરાયા છે. દરિયા કિનારાનાં ગામમાં તલાટીને ગામ જ રહેવા સૂચના આપવામાં આવી છે.રાજકોટમાં પણ મહા વાવાઝોડાને કારણે જિલ્લા કલેક્ટર દ્વારા અલગ અલગ ટીમો બનાવવામાં આવી છે. ૪૦ જેટલા નિચાણવાળા ગામોને તકેદારી રાખવા તાકીદ કરવામાં આવ્યા છે.રાજકોટમાં નગરપાલિકાની ૬ ટીમ , મહાનગરપાલિકાની ૮ ટીમ અને ૨ એસડીઆરએફની ટીમને સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે. ચીફ સેક્રેટરી સાથે વિડિઓ કોંફરન્સ યોજી જિલ્લા કલેકટરે માહિતી આપી છે.

તા.૮મીએ તલસટમાં યોજાશે સેવાસેતુ કાર્યક્રમ

તલસટ સહિત દસ ગામના નાગરિકોને જરૂરી તમામ પ્રાથમિક સેવાઓ-સુવિધાઓ સુલભ થશે

વડોદરા તા.૫

રાજ્યના મુખ્યમંત્રી એ જ્યાં માનવી ત્યાં સુવિધાનું પ્રેરણા સૂત્ર આપ્યું છે. તેને સાકાર કરવા અને લોકો કચેરીઓમાં આવે તેના બદલે વહીવટી તંત્ર, સેવાઓ અને યોજનાઓને લોકો સુધી લઈ જઈને લાભ આપવાના અભિગમ સાથે વડોદરા શહેર-જિલ્લામાં સેવા સેતુ કાર્યક્રમના પાંચમા તબક્કાનું આયોજન કરવામાં આવ્યું છે. તેના હેઠળ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં બહુધા દર શુક્ર અને શનિવારે સેવા સેતુ કેમ્પસ યોજવાનું રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવ્યું છે. નાગરિકોને તેમને જરૂરી તમામ પ્રાથમિક સેવાઓ-સુવિધા સ્થળ પર પૂરી પાડવાના ઉદ્દેશ્ય સાથે રાજ્ય સરકાર દ્વારા સેવાસેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. પારદર્શી અને નિર્ણાયક રાજ્ય સરકારના જનકલ્યાણના આશય સાથે સ્થળ પર નિકાલ કરવા જનસુવિધાલક્ષી પારદર્શી અને સરળીકરણ કાર્યપધ્ધતિને અમલી બનાવી છે.

જિલ્લા પ્રશાસન દ્વારા સેવા સેતુના પાંચમા તબક્કા અંતર્ગત આગામી તા.૮ નવેમ્બર-૨૦૧૯ને શુક્રવારના રોજ સવારે ૯ વાગ્યે તલસટ પ્રાથમિક શાળા ખાતે યોજવાનું સુદ્રઢ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વડોદરા ગ્રામ્ય તાલુકાના સમીયાલા, ગોકુળપુરા, ભાયલી, રાયપુરા, બીલ, ચાપડ, ખલીપુર, તલસટ, મારેઠા અને મુઝારગામડી સહિતના આજુ-બાજુના ૧૦ ગામોના ગ્રામજનો લાભ લઇ શકશે.અત્રે ઉલ્લેખનીય છે કે, જમીન માપણી અને નવી નોંધ દાખલ કરતી અરજી, આવક, જાતિ, ક્રિમિલેયર, ડોમીસાઇલ પ્રમાણપત્ર, વરિષ્ઠ નાગરિકોના પ્રમાણપત્રને લગતા દાખલાઓની અરજી-કામો, રેશનકાર્ડને લગતી અરજીઓ, મા અમૃત્તમ અને વાત્સલ્ય કાર્ડમાં લાભાર્થીઓની નોંધણી, દિવ્યાંગતા પ્રમાણપત્ર તથા આધાર કાર્ડ અરજીઓ, સ્કોલરશીપ યોજનાના લાભોની અરજીઓ, રાજય સરકારના કૃષિ, પશુપાલન, સહકાર, ગ્રામ વિકાસ, પંચાયત, સમાજ કલ્યાણ, આદિજાતિ વિભાગની યોજનાઓ હેઠળ વ્યક્તિગત લાભ માટેની અરજીઓ, વિધવા અને વૃધ્ધ નિરાધાર સહાય યોજના હેઠળની અરજીઓ સ્વીકરવામાં આવશે. આથી તા.૮મીએ તલસટ ખાતે યોજાનાર આ સેવાસેતુ કાર્યક્રમનો સંબંધિત તમામ ગામોના વધુમાં વધુ નાગરિકોને લાભ લેવા મામલતદાર વડોદરા ગ્રામ્ય દ્વારા એક અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે.

LACTOSE
LACTOSE (INDIA) LIMITED
Govt. recognised Export House

લેકટોસી (ઈન્ડીયા) લીમીટેડ
સીઆઇએન : એલ૧૫૨૦૧જીજે૧૯૯૧પીએલસી૦૧૫૧૮૬
રજી.ઓફિસ: સર્વે નં.૬ગામ પોઈચા (રાણીયા)
સાવલી, બરોડા- જીજે ૩૯૧૭૮૦
ટેલી : ૦૨૨-૪૧૧૭૦૩૨ ઈ-મેઈલ :lil@lactoseindialimited.com

નોટીસ

આથી સૂચના આપવામાં આવે છે કે, સેબી (લીકટીંગ ઓબ્લીગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રીકવાયમેન્ટસ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ના નિયમન ૨૯ અને ૪૭ને અનુસરીને કંપનીના નિયામક મંડળની બેઠક બુધવાર , તા.૧૩મી નવેમ્બર, ૨૦૧૯ના રોજ જેમાં તા.૩૦મી સપ્ટેમ્બર, ૨૦૧૯ના રોજ પુરા થયેલ બીજા કવાર્ટર અને અર્ધવાર્ષિક નાણાંકીય પરિણામોની સમીક્ષા અને મંજુરીની કામગીરી કરવામાં આવશે.
આ માહિતી કંપનીની વેબસાઈટ www.lactoseindialimited.com પર અને બીએસઈ લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

સ્થળ : મુંબઈ
તા. ૫ , નવેમ્બર, ૨૦૧૯

લેકટોસી (ઈન્ડીયા) લીમીટેડ વતી
સહી/- રિધ્ધિ સિધ્ધપુરા
કંપની સેક્રેટરી અને કમ્પલાયન્સ ઓફિસર
મેમ્બરશીપ નંબર : એ ૫૬૬૭૧

SHAILY
Engineering Plastics Ltd
CIN : L51900GJ1980PLC065554
Regd Office : Survey No. 364 / 366, At & PO Rania,
Taluka Savli, Dist; Vadodara - 391780.
Phone : 02667 - 244307 / 361 Fax : 02667 - 244372
Email : investors@shaily.com Visit us : www.shaily.com

Notice of Board Meeting

Notice is hereby given that pursuant to Regulation 29 read with Regulation 47 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, meeting of the Board of Directors of the Company is scheduled to be held on **Thursday, November 14, 2019,** at Rania, Vadodara, interalia, to consider, approve and take on record the Unaudited Financial Results of the Company for the quarter & half year ended on 30th September, 2019.

The information of the above notice is also available on the website of the Company www.shaily.com and also on the Stock Exchange i.e. www.bseindia.com

Place : Vadodara
Date : 05.11.2019

On behalf of the Board of Directors
Executive Chairman

Transpek
Creative Chemistry

Transpek Industry Limited

Regd. Office : Marble Arch, 6th Floor, Race Course, Vadodara - 390 007. **Ph # :** (0265) 2335444
Email : secretarial@transpek.com; **Website :** www.transpek.com
CIN NO.: L23205GJ1965PLC001343

EXTRACT OF STANDALONE AND CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED 30TH SEPTEMBER, 2019

(₹ in Lakhs)

Particulars	Standalone						Consolidated					
	Quarter ended 30th September, 2019 (Unaudited)	Quarter ended 30th June, 2019 (Unaudited)	Quarter ended 30th September, 2018 (Unaudited)	Year ended 31st March, 2019 (Audited)	Half Year ended 30th September, 2019 (Unaudited)	Half Year ended 30th September, 2018 (Unaudited)	Quarter ended 30th September, 2019 (Unaudited)	Quarter ended 30th June, 2019 (Unaudited)	Quarter ended 30th September, 2018 (Unaudited)	Year ended 31st March, 2019 (Audited)	Half Year ended 30th September, 2019 (Unaudited)	Half Year ended 30th September, 2018 (Unaudited)
Revenue from Operations	12,534	11,263	14,323	59,457	23,797	26,091	12,534	11,263	14,323	59,457	23,797	26,091
Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and / or Extraordinary items)	1,888	425	1,697	10,131	2,313	3,199	1,888	425	1,697	10,131	2,313	3,199
Net Profit / (Loss) for the period before tax (after Exceptional and / or Extraordinary items)	1,888	425	1,697	10,131	2,313	3,199	1,888	425	1,697	10,131	2,313	3,199
Net Profit / (Loss) for the period after tax (after Exceptional and / or Extraordinary items)	1,546	335	1,093	6,574	1,881	2,121	1,546	335	1,093	6,574	1,881	2,121
Total Comprehensive Income for the period [comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	1,527	75	1,560	7,053	1,602	3,130	1,527	75	1,560	7,053	1,602	3,130
Equity Share Capital	559	559	559	559	559	559	559	559	559	559	559	559
Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year	-	-	-	30,582	-	-	-	-	-	30,582	-	-
Earnings Per Share (of Rs.10/- each)												
Basic & Diluted (Rs.)	27.66	6.00	19.54	117.69	33.66	37.95	27.66	6.00	19.54	117.69	33.66	37.95

Notes:

1. The above is an extract of the detailed format of Unaudited Financial Results filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Audited Financial Results is available on the Company's website at www.transpek.com and the Stock Exchange's Website at www.bseindia.com.

DATE : 4th November 2019
PLACE : Mumbai

For TRANSPEK INDUSTRY LIMITED
BIMAL V. MEHTA
MANAGING DIRECTOR
DIN:00081171